## ૨૦૦૫ની વાર્તાસર્જનપ્રવૃત્તિ | હિમાંશી શેલત

[**૨૦૦૫ની શ્રેષ્ઠ વાર્તાઓ :** સંપાદક : વીનેશ અંતાણી, પ્રકાશક : આર.આર. શેઠની કંપની, પૃષ્ઠ ૨૫૪, કિંમત રૂ. ૧૫૦/-]

વર્ષ દરમિયાન પ્રગટ થયેલી વાર્તાઓમાંથી કેટલીક પસંદ કરેલી વાર્તાના સંચય પ્રકાશિત કરવાની જે પરંપરા ચાલુ રહી છે તેના લાભ નિર્વિવાદ છે. વાર્તાપ્રેમીઓને સારી કૃતિઓ એકસાથે વાંચવા મળે એ તો ખરું જ, પણ એ થકી નવી આશાસ્પદ કલમનો પરિચય થાય. વાર્તાલેખન કઈ દિશામાં જઈ રહ્યું છે અને આંક ઊંચો જઈ રહ્યો છે, સ્થિર છે, કે પછી નીચે જવાની દહેશત છે તેનો અણસાર પણ આવા સંચયો દ્વારા મળી રહે. વળી આ રચનાઓ નિશ્ચિત સમયગાળા સાથે સંકળાયેલી હોવાથી એનું દસ્તાવેજી મૂલ્ય હોય છે.

‘૨૦૦૫ની શ્રેષ્ઠ વાર્તાઓ’માં સંપાદક વીનેશ અંતાણીએ ઓગણીસ વાર્તાઓ સમાવી છે. અહીં વિશિષ્ટ, સશક્ત, નીવડેલી તથા નવી અને આશાસ્પદ એમ બંને પ્રકારની લેખિની જોવા મળે છે. નવી કલમ, અલબત્ત, આંગળીને વેઢે ગણાય એટલી જ છે, અને સંપાદકના આ નિરીક્ષણ સાથે સંમત થવાનાં પૂરતાં કારણો છે કે ‘‘આવનારા સમયમાં આપણી વાર્તાને આગળ લઈ જાય એવાં નવાં સર્જકની સંખ્યા નહીંવત્ છે.’’ પચાસ પાનાંમાં વિસ્તરતા આ પ્રાસ્તાવિકમાં સંપાદકે દરેક વાર્તાનો પરિચય આપ્યો છે અને રચના અંગે એના લેખકના દષ્ટિકોણનેય સામેલ કરવાની જહેમત લીધી છે. આમ હોવાથી પ્રસ્તાવનાને એક વિશેષ પરિમાણ મળ્યું છે.

કેટલાંક સામયિકો એક વિશિષ્ટ વર્ગની રુચિને ધ્યાનમાં લઈને ચોક્કસ ધોરણો રાખે છે. એવાં સામયિકો વિશાળ વાચકવર્ગ સુધી પહોંચતાં નથી. (જોકે આ ‘વિશાળ’ શબ્દ જરા ડરતાં ડરતાં જ વપરાય એવો છે. વાચકવર્ગ વિશાળ હોય તેવી સ્થિતિ સામયિકો/પુસ્તકો માટે પેદા થઈ છે જ ક્યાં ?) છતાં એટલું અવશ્ય કહેવાય છે કે આ સામયિકોનો એક ખાસ દરજ્જો છે અને એનો વાચકવર્ગ બહુ મર્યાદિત છે. ‘એતદ્’, ‘તથાપિ’ કે ‘ગદ્યપર્વ’માં પ્રગટ થયેલી ઉત્તમ રચનાઓ ક્યારેક વાર્તાના સાચા ભાવકો સુધી ન પહોંચે એમ બની શકે. એવી સ્થિતિમાં શ્રેષ્ઠ વાર્તાઓના સંચય ખરે જ આવકાર્ય ઠરે છે. કિશોર જાદવની વાર્તા ‘વાડી’ કે સુમન શાહની ‘એ જરાક જેટલું છેટું’ વાર્તાચાહક માટે સુલભ બને એ મહત્ત્વની બાબત છે.

સંગ્રહની ઓગણીસ વાર્તાઓમાંથી છ વાર્તાઓ ‘શબ્દસૃષ્ટિ’માં, ચાર ‘ગદ્યપર્વમાં’ બે ‘ખેવના’માં અને બાકીની એક એક ‘નવનીત-સમર્પણ’, ‘પરબ’, ‘એતદ્’, ‘તથાપિ’, ‘શબ્દસર’, ‘અખંડ આનંદ’ અને ‘કંકાવટી’માં પ્રગટ થઈ છે. આપણાં કેટલાંક સામયિકો વાર્તાને નામે જે કંગાળ સામગ્રી છાપતાં રહે છે એ આમ તો ભયાનક પ્રવૃત્તિ જ ગણાય. અહીં પણ સંપાદક એનો ઉલ્લેખ કરે છે, કહે છે, વાર્તાના નામે સામયિકોમાં ‘‘જે કંઈ છપાય છે તે ચિંતાજનક છે.’’ ચિંતાજનક કોને માટે છે ? અહીં તો હવે માત્ર સામયિકોમાં જ નહીં, વર્ષોવર્ષ અત્યંત નબળા, એકાદી નજર ફેરવવા જેવાયે નહીં એવા વાર્તાસંગ્રહોની વાર્તાઓ ખડકાતી જાય છે. અમુકતમુક સામયિકે વાર્તા છાપી એટલે લખનારને તો સો ટકા ખાતરી થઈ ગઈ કે પોતે વાર્તાકાર, અને તેરા કોઈ નહીં રોકણહાર ! વાંચનાર હોય કે ના હોય, છાપનારની ક્યાં ખોટ છે ?

પરંતુ મોટી ઉપાધિ એ છે કે આ આખીયે પરિસ્થિતિ અંગે વૈચારિક ભૂમિકાથી આગળ વધવું અશક્ય છે. જે કહેવા જેવું છે તે ફરીફરીને કહેવાતું રહ્યું છે, હવે આગળ શું ? નથી વાચકોને કેળવી શકાતાં, નથી સંપાદકોને એ છે તેનાથી વધારે જવાબદાર બનાવી શકાતા. અત્યારે જે ચાલી રહ્યું છે તેમાંથી બહાર આવવું મુશ્કેલ છે. એટલે જ ઉત્તમ સંપાદનોની જરૂર વરતાય. એ વાર્તાઓમાંથી ભૂલેચૂકે પણ પેલાં પ્રાગટ્ય-ઉત્સુક લખનારાં પસાર થાય તો કદાચ વાર્તાપદાર્થને ઓળખવાની શક્યતા પેદા થાય અને ઘણી હોનારતો ટળી જાય.

એ તો ઠીક, આનંદ તો આપણા કેટલાક સર્જકોની વાર્તાનિષ્ઠા માટે અનુભવવાનો છે. જે ઊંડી નિસબત અને સૂઝ-સમજ સાથે, સજ્જતા અને એકાગ્રતા સાથે એ વાર્તાસર્જનમાં પરોવાયાં છે એ અનુભવ સ્વયં પરિતોષનું કારણ છે. વાર્તાવસ્તુના નિરૂપણ માટે એ જે નવીન રચનારીતિઓનું નિર્માણ કરે છે, ભાષાને જે રીતેભાતે પ્રયોજે છે તેમાં ભાવકને રસ જાગે એવું છે. અજિત ઠાકોરની રચના ‘દૂંટી’, ધીરેન્દ્ર મહેતાની ‘પપ્પા’, દીવાન ઠાકોરની ‘પુત્રવધૂ’, માય ડિયર જયુની ‘મને ટાણા લઈ જાવ’ જેવી વાર્તાઓ ઉપરાંત પ્રસ્તુત સંચયની અન્ય વાર્તાઓ વાર્તાને ગંભીરપણે સેવતાં સર્જકોની મથામણ વ્યક્ત કરે છે. અને સંપાદક ઉલ્લેખે છે તેમ અંતિમ પસંદગીની યાદીમાં કુલ પચ્ચીસેક જેટલી વાર્તાઓ હોય ત્યારે વાર્તાસર્જનપ્રવૃત્તિ વિશે નિરાશ ન થઈએ, અને વાર્તાને અહીંથી આગળ લઈ જાય એવાં સર્જકોની પ્રતીક્ષા કરીએ, પણ એ સાથે સંતુષ્ટ થઈને, પગ વાળીને, ઠરીયે ન જઈએ. ઊજળા પરિદૃશ્યને ઊજળું જ રાખવું હોય ત્યારે એકમેકની પીઠ થાબડીને જંપી ન જવાય.